| GJKT100016322023 | આંકઃ– | /બી | | |
|---|---|---|---|---|
| | દાખલ થયા તારીખઃ | ૦૩–૦૬–૨૦૨૩ | | |
| | રજીસ્ટરે લીધા તારીખઃ | ૩૦–૦૬–૨૦૨૩ | | |
| | નિકાલ થયા તારીખઃ | ૨૩–૦૭–૨૦૨૬ | | |
| सत्यमेव जयते | **સમયગાળોઃ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | | | |

---

**બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, મુ.અંજાર–કચ્છ.**

---

**ફો. પ. અરજી. નં. ૩૫૮/૨૦૨૩**

**આંક – .............**

**અરજદારઃ–** **વર્ષાબેન જયદિપભાઈ ગઢવી,**
ઉ.વ.૪૨ આ. ધંધોઃનોકરી,
રહે. મકાન નં.૧૧૪, મંગલેશ્વર નગર,
ગામ–મેઘબર(બોરીચી), તા.અંજાર–કચ્છ.

**વિરુદ્ધ**

સામાવાળાઃ– **(૧) ધનજીભાઈ કરશનભાઈ ગઢવી,**
ઉ.વ.૭૬ આ.ધંધોઃનિવૃત

**(૨) ડિમ્પલબેન મહેશભાઈ ગઢવી,**
ઉ.વ.૪૮ આ.ધંધોઃનોકરી,
બંને રહે.મકાન નં.SDB–108, વોર્ડ નં.૨–એ,
આદિપુર–કચ્છ.

**(૩) મહેશભાઈ વિશ્રામભાઈ ગઢવી,**
ઉ.વ.૫૧ આ., ધંધોઃનોકરી,
રહે.આશાપુરા માતાના મંદિરની બાજુમાં,
જનતા કોલોની, આદિપુર–કચ્છ.

---

બાબતઃ– **ઘરેલુ હિંસાથી સ્ત્રીઓની સુરક્ષા અધિનિયમ–૨૦૦૫** ની **કલમ–૧૨ હેઠળ અરજી.**

---

---

**અરજદાર તરફે વિ.વ.શ્રી જે.આર.બારમેડા.**
**સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી એસ.ડી.ગઢવી.**

---

**-:: ઠ રા વ ::-**

**(૧)** અરજદારનાઓએ ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ, ૨૦૦૫ (જેને હવે પછી ટુંકમાં "સદર કાયદા" તરીકે ઉલ્લેખ કરેલ છે.) ની કલમ – ૧૨ હેઠળ હાલની અરજી કરી, સદર કાયદા અંતર્ગત જુદી જુદી દાદ ની માંગણી કરેલ છે.

**(૧.૧)** અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર ના લગ્ન સામાવાળા નં.૧ વાળાના પુત્ર સ્વ.જયદિભાઈ ધનજીભાઈ ગઢવી સાથે થયેલા અને લગ્ન જીવનથી અરજદારને સંતાનો નામે (૧) ફોરમ જયદિપ ગઢવી ઉ.વ.૨૨ તથા (૨) કરણ જયદિપ ગઢવી, ઉ.વ.૧૮ થયેલ. અરજદારના પતિનું તા.૦૯/૦૭/૨૦૦૯ ના રોજ અવસાન થયેલ છે. ત્યારથી અરજદાર પોતાના સંતાનો સાથે ઉપરોક્ત સરનામા પર પોતાના પિતાશ્રીના મકાનમાં ઓશીયાળુ જીવન વિતાવે છે.

**(૧.૨)** વધુમાં અરજદાર તેમની અરજીમાં જણાવે છે કે, સામાવાળા નં. ૧ ના ધર્મપત્ની મંજુલાબેન ધનજીભાઈ ગઢવી નું તા.૨૬/૦૧/૨૦૨૧ ના રોજ આવસાન થયેલ છે. જે અરજદારના સાસુ થતા હતા. તેઓ છેલ્લા છ વર્ષથી બીમાર હતા અને વ્હીલ ચેર પર રહેતા હતા. આમ છતાં તેમના નામે આવેલ મકાન મિલ્કત એસ.ડી.બી.૧૦૮, વોર્ડ નં.૨-એ આદિપુર, કચ્છ મધ્યેનુ મકાન તા.૧૭/૦૯/૨૦૨૦ ના રોજ બક્ષીસ દસ્તાવેજ નં.૫૧૪૨ વાળાથી સામાવાળા નં.૨ વાળાના નામે ગેરકાનુની રીતે કરી નાખેલ છે. સામાવાળા નં.૨ ડિમ્પલબેન કે જેઓ અરજદારના નણંદ થાય છે. અરજદારના સ્વ.પતિ જયદિપભાઈ તથા સામાવાળા નં. ૨ ડિમ્પલબેન બન્ને ભાઈ-બેહન થતા હોવાથી સદર મિલ્કતમાં બન્નેનો સરખો વારસાઈ હક્ક-અધિકાર રહેલો છે અને તે રીતે અરજદાર અને અરજદારના સંતાનોનો પણ સદર મિલ્કતમાં સરખો વારસાઈ હક્ક અધિકાર રહેલો છે.

**(૧.૩)** વધુમાં અરજદાર તેમની અરજીમાં જણાવે છે કે, સ્વ. મંજુલાબેન ધનજીભાઈ ગઢવીની નાદુરસ્ત તબિયત તથા અસ્વસ્થ માનસિક હાલતનો ગેરલાભ લઈને સામાવાળા નં. ૧ તથા ૨ વાળાઓએ અરજદાર

તથા અરજદારના સંતાનોનો આ મકાન મિલ્કત સંબંધે રહેણાંકનો તથા માલીકી હક્ક નષ્ટ થઈ જાય તે રીતે તદન ગેરકાયદેસરનો બક્ષીસ દસ્તાવેજ બનાવેલ છે અને તે રીતે સામાવાળા નં.૧,૨ તથા ૩ વાળાઓએ એક સંપ કરી સદર મિલ્કતના હક્કમાંથી અરજદારને તથા તેમના સંતાનોને બાકાત કરવા કૃત્ય કરેલ છે. સામાવાળાઓ નં.૧,૨ નાઓ અરજદાર તથા તેમના સંતાનોને તેમના પતિના અવસાન બાદ સાથે રહેવા દેવા માંગતા નથી તેમજ આ મિલ્કતમાં કોઈ હક્ક–હિસ્સો પણ આપવા માંગતા નથી તેથી તેઓએ આવા ગેરકાનૂની દસ્તાવેજ બનાવેલ છે. સામાવાળા નં.૩ વાળા જે ઓ ડિમ્પલબેનના પતિ છે તેમણે પણ તેમા મદદગારી કરેલ છે.

**(૧.૪)** વધુમાં અરજદાર તેમની અરજીમાં જણાવે છે કે, આ મકાનમાં ઉપરના ભાગે રહેણાંક તરીકે મકાન આવેલ છે અને નીચેના ભાગે દુકાનો આવેલ છે તે દુકાનો પણ ગેરકાનુની રીતે સામાવાળાઓએ વેંચેલ છે. (૧) દુકાન નં.૧૦૮/૧ તથા ૧૦૮/૨ એ બે દુકાનો ડો.લીઓન આન્દ્રેને વેચાણથી સોંપેલ છે (૨) દુકાન નં.૧૦૮/૩ ઠક્કર હસુમતી ગંગારામને કબ્જા હક્કથી સોંપેલ છે. જેમાં તીરૂપતિ મેડીકલ નામે મેડિકલ સ્ટોર આવેલ છે.

**(૧.૫)** વધુમાં અરજદાર તેમની અરજીમાં જણાવે છે કે, અરજદારના બન્ને સંતાનો અભ્યાસ કરે છે. અરજદારની પુત્રી બી.એ.ના બીજા વર્ષમાં ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે તેમજ અરજદારનો પુત્ર દિલ્હી પબ્લીક સ્કુલમાં ધોરણ–૧૨ માં અભ્યાસ કરે છે. જેના અભ્યાસનો ખર્ચ સામાવાળા નં.૧ વાળા આપવા જવાબદાર છે.

**(૧.૬)** અરજદારે તેમની હાલની અરજીમાં દાદ માંગેલ છે કે, સામાવાળાને સદરહુ મિલકત – મકાન તબદીલ કરતા અટકાવતો હુકમ ફરમાવશોજી તેમજ સામાવાળાઓ સદરહુ મિલકત – મકાન માં અરજદાર અને તેમના સંતાનોને પ્રવેશ કરવા આપે તેવો હુકમ ફરમાવશોજી તેમજ સામાવાળાએ ગેરકાયદેસર રીતે સદરહુ મિલકતની નીચે આવેલ દુકાનો નો કબ્જો અન્ય ને સોંપી દેતા અરજદારને થયેલ નુકસાન બદલ સામાવાળાઓ

અરજદારને નુકશાની વળતર ચુકવી આપે તેવો હુકમ ફરમાવવાની દાદ માંગેલ છે.

**(૨)** અરજદારે હાલની અરજી રજુ કરતાં, તેને રજીસ્ટરે નોંધી પ્રોટેકશન ઓફીસરશ્રીનો ઘરેલુ હિંસા બાબતેનો રીપોર્ટ મંગાવવાનો હુકમ કરવામાં આવેલ. પ્રોટેકશન ઓફીસરશ્રીએ પોતાનો રિપોર્ટ આંક–૦૬ થી કોર્ટમાં રજુ રાખેલ છે. જે વંચાણે લેવામાં આવેલ છે.

**(૩)** સામાવાળાઓને નોટીસ/સમન્સ બજી જતા સામાવાળાઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ **આંક–૦૮** થી અરજીનો જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારને આદિપુર મકાન S.D.B.108 વોર્ડ નં.૨ એ વાળા સાથે કોઈ લેવા દાવા નથી કારણકે અરજદાર પરણીને આવેલ ત્યારે તેમના પતિ કંડલા પોર્ટમાં નોકરી કરતા હોવાના કારણે તેઓ કંડલા પોર્ટની રહેણાંકની કોલોની (ગોપાલપુરી) ખાતે કે.પી.ટી. ક્વાટર્સમાં રહેવા ગયેલા. ત્યારબાદ સ્વ.જયદિપભાઈ ગઢવી દ્વારા આદિપુર ખાતે 4B વિસ્તારમાં પ્લોટ નં.૯ માં આવેલ મકાન નં.૯–A વાળુ મકાન ખરીદતા ત્યાં રહેવા ગયેલા.

**(૩.૧)** વધુમાં સામાવાળા તેમના જવાબમાં જણાવેલ છે કે, અરજદારના પતિ સ્વ. જયદિપભાઈ ગઢવીની હત્યા તા.૦૯/૦૭/૨૦૦૯ ના રોજ ગાંધીધામ મધ્યે પુર્વી ચેમ્બરમાં આવેલ તેમની ઓફીસમાં થયેલી. ત્યારબાદ અરજદાર અને બાળકો આદિપુર મધ્યે 4B વિસ્તારમાં પ્લોટ નં.૯ માં આવેલ મકાન નં.૯A વાળા મકાનમાં રહેતા હતા. ત્યારબાદ અરજદાર દ્વારા તેમને કાયમ માટે તેમનું અને તેમના બાળકોનો હક્ક હિસ્સા મળવાની માંગણી કરતા તેઓ સામાવાળા નં.૧ વાળા તરફથી સમાજના આગેવાનો અને સગા સંબંધીઓની રૂબરુ રકમો, રહેણાકનું મકાન, વાહનો તે રીતે સ્થાવર જંગમ મિલ્કતો સામાવાળા નં.૧ વાળાએ આ કામના અરજદાર અને સગીરોને સુપ્રત કરી આપેલ. જે અંગે અરજદારે, સામાવાળા નં. ૧ વાળા તેમજ અરજદારના માતા–પિતા, બનેવી વિગેરે ૪ જણાની હાજરીમાં

અરજદારએ વાંચી, સમજી, વિચારી અને કબુલ મંજુર હોવા બદલ તા.૧૭/૦૪/૨૦૧૨ વાળા લખાણમાં દરેક પાને સહી કરી આપેલ. તા.૧૭/૦૪/૨૦૧૨ વાળા લખાણના પેરા નં. ૫ માં અરજદારે લખી આપેલ છે કે, "કચ્છ જીલ્લાના અંજાર તાલુકાના ગામ શ્રી મેઘપર કુંભારડી મધ્યે સર્વે નં. ૧૦૧ માં આવેલ પ્લોટ નં. ૨૩૩ વાળા ઉપર બનાવેલ તૈયાર મકાન અને હાલમાં જે કંડીશનમાં છે તે જ કંડીશનમાં તેનો કબજો તથા તેના અસલ ડોક્યુમેન્ટ/ફાઈલ/કાગળીયાઓ સહીત એક પક્ષવાળાને સોંપી આપેલ છે. જે કાગળો મળ્યા અંગેની આથી એક પક્ષવાળા પહોંચ આપે છે." તે ઉપરાંત સદર લખાણ ના પેરા નં.૬ માં સ્પષ્ટ પણે અરજદારે લખી આપેલ છે કે, "એક પક્ષવાળા અને બીજા પક્ષ વાળાના નામના રૂ.૧૫,૨૫,૦૦૦/- ના અસલ કિશાન વિકાસના પત્રો ગાંધીધામ શાખાના અરજદારને આપવામાં આવેલ છે જે કિશાન વિકાસ પત્રો મળ્યાની આથી એક પક્ષવાળા પહોંચ આપે છે."

**(૩.૨)** વધુમાં સામાવાળા તેમના જવાબમાં જણાવે છે કે, આ કામના અરજદાર જેઓ ગ્રેજ્યુએટ છે, સુશીક્ષીત છે અને આ લખાણ વાંચી-સમજી અને તે કબુલ મંજુર હોવા બદલ તેમના માતૃશ્રી, પિતાશ્રી, બનેવી વિગેરે ૪ સાહેદોની હાજરીમાં નોટરીશ્રી ડી.વી. ગઢવી રૂબરુ દરેક પાને પાને સહીઓ કરેલ છે. આ કામના અરજદારે પોતે જ આધારો પોતાની અરજી સાથે રજુ રાખેલ છે. સદર અરજીમાં જણાવેલ આદિપુર મકાન વોર્ડ નં.2A S.D.B.108 વાળા સાથે અરજદારને કોઈ લેવા દેવા નથી અને આ મકાન અરજદારનું મજીયારુ રહેણાક મકાન નથી. તેજ રીતે પુર્વિ ચેમ્બર્સમાં આવેલ ઓફિસ અરજદાર વેચાણ કરી રૂ.૧૦,૦૦,૦૦૦/- મેળવેલ છે. અરજદારને કાયમ માટે તેમનો હિસ્સો મળી ગયેલ છે તેમજ રહેઠાણની વ્યવસ્થા તેમના ઘરખર્ચ, નીભાવ તેમજ શીક્ષણનો વિગેરેની કાયમી વ્યવસ્થા આ રીતે રૂ.૨૫,૨૫,૦૦૦/- આપી તેમજ કાયમી રહેણાકની વ્યવસ્થા કરી કાયમ માટે તમામ વ્યવસ્થાઓ સામાવાળા નં.૧ તરફથી કરવામાં આવેલ છે.

**(૩.3)** વધુમાં સામાવાળા તેમના જવાબમાં જણાવે છે કે, અરજદારને રૂપીયા પચ્ચીસ હજાર કિશાન વિકાસ પત્ર આપવામાં આવેલ છે. તે જ રીતે અઢી લાખ ની ૪ FDR એટલે કે કુલ રૂ.૧૦,૦૦,૦૦૦/- FDR આપવામાં

આવેલ છે. તે જ રીતે અરજદાર નં.૧ વાળા પોતે ISDC માં નોકરી કરે છે અને માસીક રૂ.૩૦,૦૦૦/- જેટલુ પગાર મેળવે છે અને કંડલા પોર્ટમાંથી રૂ.૨૦,૦૦૦/- જેવું પેન્શન મેળવે છે. જેથી અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજી ચાલવા પાત્ર નથી. ઉપરોક્ત બચતનો અરજદારને વ્યાજ મળે છે. તે રીતે અરજદાર લાચાર પરિસ્થિતિમાં જીવન જીવતા નથી પરંતુ ખૂબ જ સારી રીતે જીવન જીવી રહેલ છે.

**(૩.૪)** વધુમાં સામાવાળા તેમના જવાબમાં જણાવે છે કે, મંજુલાબેન ધનજી ગઢવી બીમારી સંબંધેના આક્ષેપો તેમજ મંજુલાબેનની માનસીક સ્થિતિ બરોબર ન હતી તે તદન ખોટા અને બિનપાયેદાર છે. અરજદાર મંજુલાબેનને મળેલ નથી.

**(૩.૫)** વધુમાં સામાવાળા તેમના જવાબમાં જણાવે છે કે, અરજદાર દ્વારા જે દુકાન અંગેની વિગતો તેમની અરજીમાં જણાવેલ છે તે ખોટી છે. અરજદાર માસીક રૂ.૬૦,૦૦૦/- થી વધુ આવક મેળવે છે અને બાળકોના ઉછેર, અભ્યાસ અને લગ્નની જવાબદારી લીધેલ છે અને તેણીને જે રકમો મળે છે તે બાળકોના અભ્યાસ કરાવી શકે છે. અરજદારે જે માસીક રૂ.૨૫,૦૦૦/- મેળવવા માંગણી કરેલ છે તે મેળવવા હક્કદાર નથી. જેથી અરજદરાની અરજી ખર્ચ સહીત રદ્દ ફરવાવવા અરજ ગુજારેલ છે.

**(૪)** ત્યારબાદ અરજીના કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>-: અરજદાર તરફે મૌખિક પુરાવો :-</u>**

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર વર્ષાબેન જયદિપભાઈ ગઢવીનું સરતપાસ નું સોગંદનામું. | ૧૭ |

**(૫)** અરજદાર તરફે ઉપરોક્ત મૌખિક પુરાવા સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, સદર કામે અરજદાર નાઓ ઉપર મુજબના પુરાવા સિવાય વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોઈ, આંક- ૩૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી, પોતાનો પુરાવો પુર્ણ થયેલ

હોવાનુ જાહેર કરેલ છે. ત્યારબાદ સદરહુ કામ સામાવાળાના પુરાવા સારૂ મુલત્વી રાખવામાં આવતાં, સામાવાળા તરફે નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**-: સામાવાળા તરફે મૌખિક પુરાવો :-**

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા નં.૧ ધનજીભાઈ કરશનભાઈ ગઢવીની સોગંદનામા સ્વરૂપની સરતપાસ જુબાની. | ૩૭ |

**-: સામાવાળા તરફે દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | આદિપુર વોર્ડ નં.૪બી પ્લોટ નં.૯એ વાળું મકાન વેચાણ કરેલ રકમ રૂ.૪,૨૫,૦૦૦/- મેળવેલ તેની પહોંચની ખરી નકલ. | ૨૧ |
| ૨ | રૂ.૧૫,૨૫,૦૦૦/- કિશાન વિકાસ પત્ર સામાવાળા નં.૧ ના તે રૂ.૧૫,૨૫,૦૦૦/- FDR ઝેરોક્ષ સંયુકત | ૨૨ |
| ૩ | જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અરજદારને નોકરીમાં લીધેલ તે આદેશની નકલ. | ૨૩ |
| ૪ | અરજદાર નોકરી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં હાજર થવા સબંધેના કચેરી આદેશની નકલ. | ૨૪ |
| ૫ | અરજદાર ICBS ગાંધીધામ દ્વારા જુનીયર કલાર્કને પગાર ચુકવવામાં આવે છે તેના આધારની ઝેરોક્ષ. | ૨૫ |
| ૬ | પક્ષકારો વચ્ચે નોટરી રૂબરુ સમક્ષ કરેલ લખાણની ખરી નકલ. તા.૧૭/૦૪/૨૦૧૨ | ૨૬ |

(૬) ઉપરોક્ત પુરાવાઓ રજુ કર્યા બાદ, સદર કામે સામાવાળા તરફે વિશેષ કોઈ પુરાવો આપવાનો ન હોવા અંગેની આંક-૩૯ થી કલોઝીંગ પુરશીષ રજુ કરેલ છે. ત્યારબાદ, સદરહુ કામ આખરી સુનાવણી સારૂ મુલત્વી રાખવામાં આવેલ.

(૭) અરજદાર તરફે વિ. વ. શ્રી જે. આર. બારમેડા નાઓએ રજુઆત કરેલ છે કે, સદર કામે અરજદારે રહેણાંકના મકાન સંબંધેની દાદ માંગેલ છે. અરજદારના પતિ કંડલા પોર્ટમાં નોકરી કરતાં હતા અને તેઓની સને ૨૦૦૯ ની સાલમાં હત્યા થઈ ગયેલ છે. અરજદારના સાસુ ના નામે

આદીપુર મધ્યે એક મકાન આવેલ હતુ. અરજદારના સાસુની કોઈ આવક ન હતી તેવુ ઉલટ તપાસ દરમ્યાન રેકર્ડ ઉપર આવેલ છે. જે મકાન અરજદારના સાસુ પથારીવશ હતા ત્યારે ગીફ્ટ ડીડ થી અરજદારના નણંદને તબદીલ કરી દિધેલ છે. સદર મકાનમાં અરજદાર અને તેમના સંતાનોના વારસાઈ હક્ક રહેલ હોઈ, અરજદારને માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

**(૭.૧)** અરજદારના વિ. વ. શ્રીએ તેમની રજુઆતના સમર્થનમાં નામ. સુપ્રિમ કોર્ટનુ Satish Chander Ahuja Versus Sneha Ahuja, 2020 (0) AIJEL-SC 66613 નો ચુકાદો રજુ કરેલ છે.

**(૮)** સામાપક્ષે વિ. વ. શ્રી એસ. ડી. ગઢવી નાઓએ રજુઆત કરેલ છે કે, અરજદારના પતિ સને – ૨૦૦૯ ની સાલમાં ગુજરી ગયેલ છે. ત્યારબાદ, સને ૨૦૧૨ માં સામાવાળાઓએ અરજદારને કાયમી રીતે લેવડ દેવડ કરી આપેલ છે. જે લખાણ સદર કામે આંક – ૨૬ રજુ કરવામાં આવેલ છે. જે લખાણ અરજદારના માતા – પિતા, બનેવી વિગેરે ની હાજરીમાં થયેલ છે અને લખાણમાં તેઓએ સાક્ષી તરીકે સહી પણ કરેલ છે. મજકુર લખાણ થયાની હકીકત તેમજ લખાણમાં અરજદારના માતા – પિતા, બનેવી એ સાક્ષી તરીકે સહી કરેલ હોવાની હકીકત અને અરજદારને મિલકત મળેલ હોવાની હકીકત અરજદારે ઉલટ તપાસ દરમ્યાન સ્વિકારેલ છે. મજકુર લખાણ મુજબ, સામાવાળા પાસેથી કોઈ વસ્તુ લેવાની બાકી રહેતી નથી તેવુ લખાણ કરવામાં આવેલ છે. આમ, સામાવાળાઓએ અરજદાર અને તેમના સંતાનોના ભવિષ્ય માટે સદર લખાણ કરતા સમયે કાયમી વ્યવસ્થા કરી દીધેલ હોઈ હવે સામાવાળાઓની અરજદાર પ્રત્યે કોઈ જવાબદારી બનતી નથી.

**(૮.૧)** તેઓએ વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર જે મિલકત સંબંધે દાદ માંગેલ છે તે મિલકત અરજદારના સાસુની સ્વપાર્જિત મિલકત હતી. કોઈપણ સ્ત્રી પોતાની સ્વપાર્જિત મિલકત પોતાની રીતે નિકાલ કરી શકે છે. અરજદારના સાસુએ તેમની હયાતીમાં પોતાની સ્વપાર્જિત મિલકત બક્ષીસ માં આપી દીધેલ છે. જેથી તે મિલકત સંબંધે અરજદારનાઓ કોઈ દાદ

મેળવવા હક્કદાર રહેતા નથી. સામાવાળા તરફે તેમની રજુઆત ના સમર્થનમાં નામ. અલ્હાબાદ હાઈકોર્ટનુ Sunita Gupta Vs. Prem Gupta, First Appeal No. 227 of 2026, dated 16/04/2026 નો ચુકાદો રજુ કરેલ છે.

(૯) અરજદારની અરજી તેમજ સામાવાળા તરફે રજુ જવાબ તેમજ બંને પક્ષે રજુ પુરાવાઓ ધ્યાને લેતાં, આ અદાલત સમક્ષ સદરહુ કેસના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, સામાવાળાઓએ અરજદાર વિરુધ્ધ ઘરેલુ હિંસાખોરી આચરેલ છે અને તે મુજબ અરજદાર 'પીડીત વ્યકિત' છે ?

(૨) શું અરજદારનાઓ સામાવાળાઓ વિરુધ્ધ અરજીમાં જણાવ્યા મુજબ ની કોઈ દાદ મેળવવા હકકદાર છે?

(૩) શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા ટુંકમાં નિર્ણયો નીચે મુજબ છે.

**//નિર્ણય //**

**(૧) નકાર માં**

**(૨) નકાર માં**

**(૩) આખરી હુકમ મુજબ.**

**-:: નિર્ણય માટેના કારણો ::-**

**મુદ્દા નં.૧ થી ૩ : -**

**(૧૧)** આ કામે અરજદારે સદર કાયદાની કલમ – ૧૨ અન્વયે હાલની અરજી કરેલ છે. જેથી સૌપ્રથમ સદર કાયદાની કલમ – ૧૨ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી બની રહે છે. જે નીચે મુજબ છે.

**SECTION 12 : Application to Magistrate**

(1) An aggrieved person or a Protection Officer or any other person on behalf of the aggrieved person may present an application to the Magistrate seeking one or more reliefs under this Act:

Provided that before passing any order on such applications, the Magistrate shall take into consideration any domestic incident report received by him from the Protection Officer or the service provider.

(2) XXXX

(3) XXXX

(4) XXXX

(5) XXXX

**(૧૨)** ઉપરોક્ત કલમમાં, વ્યથિત/પીડીત વ્યક્તિ જાતે અથવા પ્રોટેક્સન ઓફીસર અથવા અન્ય કોઈ વ્યક્તિ, વ્યથિત/પીડીત વ્યક્તિ વતી સદર કાયદા હેઠળ એક કે તેથી વધુ દાદ મેળવવા મેજીસ્ટ્રેટ સમક્ષ અરજી કરી શકે છે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. હવે, વ્યથિત/પીડીત વ્યક્તિ કોને કહેવાય તેની વ્યાખ્યા સદર કાયદાની કલમ – ૨ માં આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**SECTION 2 : Definitions**

In this Act, unless the context otherwise requires,-

(a) "aggrieved person" means any woman who is, or has been, in a domestic relationship with the respondent and who alleges to have been subjected to any act of domestic violence by the respondent;

**(૧૩)** વ્યથિત/પીડીત વ્યક્તિની ઉપરોક્ત વ્યાખ્યા મુજબ, એવી કોઈ પણ સ્ત્રી કે જે સામાવાળા સાથે ઘરેલુ સંબંધ થી જોડાયેલી હોય અથવા

ભુતકાળમાં ઘરેલુ સંબંધ રહી હોય અને તે સ્ત્રી સામાવાળાઓ દ્વારા ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોવાનો આરોપ લગાવે ત્યારે તેવી સ્ત્રી વ્યથિત/પીડીત વ્યક્તિ હોવાનુ કહેવાય. ઉપરોક્ત જોગવાઈ મુજબ વ્યથિત/પીડીત વ્યક્તિ હોવા માટે બે આવશ્યક તત્વો પુરવાર થવા જરૂરી છે. (૧) સ્ત્રી સામાવાળા સાથે વર્તમાનમાં ઘરેલુ સંબંધમાં હોય અથવા ભુતકાળમાં ઘરેલુ સંબંધ ધરાવતી હોય અને (૨) તે સ્ત્રી સામાવાળાઓની ઘરેલુ હિંસાનો ભોગ બનેલ હોય. હવે, સદર કાયદા ની કલમ – ૩ માં ઘરેલુ હિંસાની વિસ્તૃત વ્યાખ્યા આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**SECTION 3 : Definition of domestic violence**

For the purposes of this Act, any act, omission or commission or conduct of the respondent shall constitute domestic violence in case it-

(a) harms or injures or endangers the health, safety, life, limb or well-being, whether mental or physical, of the aggrieved person or tends to do so and includes causing physical abuse, sexual abuse, verbal and emotional abuse and economic abuse; or

(b) harasses, harms, injures or endangers the aggrieved person with a view to coerce her or any other person related to her to meet any unlawful demand for any dowry or other property or valuable security; or

(c) has the effect of threatening the aggrieved person or any person related to her by any conduct mentioned in clause (a) or clause (b); or

(d) otherwise injures or causes harm, whether physical or mental, to the aggrieved person.

**Explanation I.**-For the purpose of this section,-

(i) "physical abuse" means any act or conduct which is of such a nature as to cause bodily pain, harm, or danger to life, limb, or health or impair the health or development of the aggrieved person and includes assault, criminal intimidation and criminal force;

(ii) "sexual abuse" includes any conduct of a sexual nature that abuses, humiliates, degrades or otherwise violates the dignity of woman;

(iii) "verbal and emotional abuse" includes-

(a) insults, ridicule, humiliation, name calling and insults or ridicule specially with regard to not having a child or a male child; and

(b) repeated threats to cause physical pain to any person in whom the aggrieved person is interested.

(iv) "economic abuse" includes-

(a) deprivation of all or any economic or financial resources to which the aggrieved person is entitled under any law or custom whether payable under an order of a court or otherwise or which the aggrieved person requires out of necessity including, but not limited to, household necessities for the aggrieved person and her children, if any, stridhan, property, jointly or separately owned by the aggrieved person, payment of rental related to the shared household and maintenance;

(b) disposal of household effects, any alienation of assets whether movable or immovable, valuables, shares, securities, bonds and the like or other property in which the aggrieved person has an interest or is entitled to use by virtue of the domestic relationship or which may be reasonably required by the aggrieved person or her children or her stridhan or any other property jointly or separately held by the aggrieved person; and

(c) prohibition or restriction to continued access to resources or facilities which the aggrieved person is entitled to use or enjoy by virtue of the domestic relationship including access to the shared household.

**Explanation II.**-For the purpose of determining whether any act, omission, commission or conduct of the respondent constitutes "domestic violence" under this

section, the overall facts and circumstances of the case shall be taken into consideration.

**(૧૪)** હવે ઉપરોક્ત જોગવાઈઓ નજર સમક્ષ રાખતાં, આ કામના અરજદારનાઓ સામાવાળા સાથે ઘરેલુ સંબંધ ધરાવે છે કે ભુતકાળમાં ઘરેલુ સંબંધ ધરાવતા હતા કે કેમ? અને આ કામના અરજદારનાઓ સામાવાળા દ્વારા સદર કાયદાની કલમ – ૩ માં આપવામાં આવેલ ઘરેલુ હિંસાની વ્યાખ્યા મુજબના ઘરેલુ હિંસાનો ભોગ બનેલ છે કે કેમ ? અને અરજદાર નાઓ પિડીત/વ્યથિત છે કે કેમ? તેનુ નિર્ણય કરવુ અનિવાર્ય છે.

**(૧૫)** સદરહુ કામે અરજદારે પોતાની અરજીની સમર્થનમાં, આંક–૧૭ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ પુરાવો આપેલ છે કે, તેમના સ્વ. પતિ જયદિપભાઈ ધનજીભાઈ ગઢવી નાઓ સામાવાળા નં. ૧ ના પુત્ર થાય છે. સદરહુ કામે અરજદાર અને સામાવાળાના સંબંધો બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી. આમ, આ કામના અરજદાર અને સામાવાળા નં. ૧ ના પુત્ર સંબંધે પતિ–પત્નિ તેમજ અરજદારનાઓ સામાવાળા નં. ૧ ના પુત્રવધુ થતાં હોઈ, અરજદારનાઓ સામાવાળાઓ સાથે ઘરેલુ સંબંધ ધરાવતા હોવાનુ ફલિત થાય છે.

**(૧૬)** હવે, આ કામના અરજદારનાઓ સામાવાળાઓ દ્વારા ઘરેલુ હિંસાનો ભોગ બનેલ છે કે કેમ ? તે સંબંધે અરજદારનો પુરાવો ધ્યાને લઈએ. અરજદારે તેમના આંક – ૧૭ ના સરતપાસના સોગંદનામામાં, સામાવાળાનાઓએ અરજદારને શારીરિક ઈજા પહોંચાડેલ હોય અથવા સામાવાળાએ માનસિક ત્રાસ આપેલ હોય અથવા સામાવાળાઓએ દહેજ ની કે અન્ય કોઈ ગેરકાયદેસરની માંગણી કરેલ હોય અથવા સામાવાળાએ અરજદાર સાથે શારીરિક કે જાતિય દુર્વ્યવહાર કરેલ હોય અથવા મેણા ટોમા મારી અરજદારને શાબ્દિક કનડગત કરેલ હોય તેવી કોઈ હકીકત તેમના પુરાવામાં જણાવેલ નથી.

**(૧૭)** અરજદારે તેમના આંક – ૧૭ ના પુરાવામાં જણાવેલ છે કે, અરજદારના સ્વ. સાસુ નામે મંજુલાબેન ધનજીભાઈ ગઢવી નુ તા. ૨૬–૦૧–૨૦૨૧ ના રોજ અવસાન થયેલ છે, જેઓ છેલ્લા છ વર્ષ થી બિમાર હતા અને તેમને ટોઈલેટ – બાથરૂમ જવાની પણ ખબર પડતી ન હતી તેટલા બિમાર હતા. તેમ છતાં અરજદારના સાસુના નામે આવેલ મકાન એસ.ડી.બી.–૧૦૮, વોર્ડ નં. ૨–એ, આદિપુર, કચ્છ વાળી મિલકત તા.૧૭–૦૯–૨૦૨૦ ના રોજ બક્ષીસ દસ્તાવેજ નં.૫૧૪૨ વાળાથી સામાવાળા નં. ૨ ના નામે ગેરકાયદેસર રીતે તબદીલ કરી દીધેલ છે. અરજદારે વધુમાં પુરાવો આપેલ છે કે, અરજદારના સ્વ. પતિ તથા સામાવાળા નં. ૨ વાળા સંબંધે સગા ભાઈ–બહેન થતાં હોઈ બંનેનો સદર મિલકતમાં એકસરખો હિસ્સો રહેલ છે અને તે રીતે અરજદાર અને તેમના સંતાનોનો પણ સદર મિલકતમાં વારસાઈ હક્ક રહેલ છે.

**(૧૮)** અરજદારનો સરતપાસનો પુરાવો ધ્યાને લેતાં, અરજદારના સાસુના નામે આવેલ મિલકત એસ.ડી.બી.–૧૦૮, વોર્ડ નં. ૨–એ, આદિપુર, કચ્છ વાળા મકાનમાં અરજદાર અને સામાવાળાઓ સંયુક્ત રીતે ભુતકાળમાં રહ્યા હોય અને ત્યારબાદ સામાવાળાનાઓ અરજદારને સદર મકાનમાં પ્રવેશ કરતાં અટકાવતા હોય તેવી કોઈ હકીકત તેમના પુરાવામાં જણાવેલ નથી. આમ, અરજદારનો સરતપાસનો પુરાવો ધ્યાને લેતાં, સામાવાળાઓ અરજદારને સદર મિલકતમાં રહેઠાણના હક્કથી વંચિત રાખેલ હોય તેમ પુરવાર થતુ નથી.

**(૧૯)** હવે, અરજદારની સામાવાળાના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લઈએ. અરજદારને ઉલટ તપાસ દરમ્યાન માર્ક–૯/૩ વાળી રીસીપ્ટ બતાવવામાં આવતાં, તે રૂ.૪,૨૫,૦૦૦/– મળ્યા અંગેની પહોંચ હોવાનુ અને તેમા તેમની સહી હોવાનુ જણાવેલ છે. જેને આંક–૨૧ આપવામાં આવેલ છે. અરજદારને માર્ક–૯/૪ વાળા કીશાન વિકાસ પત્રોની નકલો બતાવવામાં આવતાં, તે તેમની દિકરી ફોરમ ના નામના તથા તેમના સસરાના નામના આવેલ હોવાનુ અને તેની રકમ રૂ.૧૫,૨૫,૦૦૦/– ની હોવાનુ જણાવેલ છે. જે કિશાન પત્ર તેમને મળેલ છે

અને તે ઓરીજનલ તેમની પાસે હતા. જે આંક–૨૨ થી રજુ છે. એ વાતનો સ્વીકાર કરે છે કે, તેમના પતિના અવસાન બાદ કંડલા પોર્ટ ટ્રસ્ટમાંથી નિયમીત પેન્શન મળે છે. અને હાલમાં તેમને આ પેન્શન રૂ.૨૦,૦૦૦/– મળે છે. **અરજદારને માર્ક–૯/૨ વાળો હિસ્સો મળ્યા અંગેના લખાણની ખરી નકલ બતાવવામાં આવતાં તે લખાણમાં તેમની તથા તેમના સસરાની સહી હોવાનુ તેમજ સાક્ષી તરીકે તેમના માતા રંજનબેન શીવરાજ ગઢવી અને તેમના બનેવી કરણ ગઢવી તેમજ તેમના પિતાજી શીવરાજ ગઢવીની સહી હોવાનુ જણાવેલ છે. જે લખાણને અરજદારના વાંધા સાથે આંક–૨૬ આપવામાં આવેલ છે.** અરજદારને આ લખાણ મુજબની તમામ વસ્તુઓ મળેલ હોવાનુ પ્રશ્ન પુછતાં તેઓએ જવાબ આપેલ છે કે, અમુક વસ્તુઓ મળેલ નથી.

**(૧૯.૨)** અરજદારનાઓ તેમની વધુ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, **એ વાત ખરી છે કે, કચ્છ જીલ્લાના ગાંધીધામ શહેર મધ્યે સેકટર નં. ૬૦ ઉપર પુર્વી ચેમ્બરમા પહેલા માળે જે સ્વ. જયદીપ ધનજીભાઈ ગઢવી ની ઓફીસ આવેલ તે સંબંધે તેની કિંમત પંચોએ નકી કરેલ રૂપીયા દસ લાખ જે બેંક ઓફ બરોડાના ચેક નં. ૦૦૦૧૭૧ અને ૦૦૦૧૭૨ થી પાંચ લાખ રૂપીયા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ના ગાંધીધામ શાખાના ચેક નં. ૮૪૪૦૬૬ તથા ૮૪૪૦૬૭ થી અમને મળેલ છે.** એ વાત ખરી છે કે, અમારુ રાશન કાર્ડ અમારી પાસે છે. અમારા ત્રણેના અસલ આધાર કાર્ડ મારી પાસે છે ચુંટણી કાર્ડ નથી. એ વાત ખરી છે કે, ફોરમ અને કરણના જન્મના પ્રમાણ પત્રો અને સ્કુલના પ્રમાણપત્રો, સર્ટીફીકેટ માર્કશીટ વિ. અમારી પાસે છે. એ વાત ખરી છે કે, તા. ૧૭/૪/૨૦૧૨ વાળા લખાણ મા અમો એક પક્ષ વાળા ને સર સામાન દર દાગીના અને ચીજ વસ્તુ અમને મળી ગયાનુ તેમજ સામાવાળા પાસે થી દર દાગીના અને ચીજ વસ્તુઓ લેવાની બાકી રહેતી નથી તેવુ લખાણ મા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લખાણ મા લખેલ છે પરંતુ મળેલ નથી. **રન્જનબેન શીવરાજ ગઢવી મારા માતૃશ્રી થાય છે તેમજ શીવરાજ ભારમલ ગઢવી મારા પિતાજી થાય છે તેમજ કરણ ખીમસેન ગઢવી મારા બનેવી થાય છે. હરીશ શીવરાજ મારા કોઈ સંબંધી થતા નથી. એ વાત**

**ખરી છે કે, આ આંક–૨૬ વાળુ લખાણ ઉપરોકત તમામ વ્યકિતઓની હાજરી મા થયેલ છે. એ વાત ખરી છે કે. આ લખાણ મા ઉપરોકત તમામ વ્યકિતઓની સહીઓ છે.**

**(૧૯.૩) અરજદારે તેમની વધુ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, મને એ વાત ની ખબર નથી કે પ્લોટ નંબર ૧૦૮ વાળો મારા સાસુ એ ખરીદેલ હતુ અને તેના નામે આવેલ છે. આ પ્લોટ મારા સાસુએ તેમની દિકરી ડિમ્પલ મહેશ ગઢવી ને ગીફ્ટ ડીડ થી આપેલ છે કે કેમ તે હુ કહી શકુ નહી.**

**(૧૯.૪)** અરજદારે તેમની વધુ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, તેમના **સાસુ નુ ૨૦૨૧ મા અવશાન થયેલ છે કે કેમ તેની તેમને માહિતી નથી. એ વાત ખરી છે કે, ૨૦૧૨ મારી અને મારા સસરા વચ્ચે જે લખાણ થયુ તે પછી થી હુ અને મારો દિકરો મારી સાસરી પક્ષ વાળાઓ થી અલગ રહીએ છીએ.** એ વાત ખરી નથી કે મારા પતિના મૃત્યુ બાદ રહેમ રાહે મને તેમની નોકરી મળેલ છે. મારા સાસુના મંજુલાબેન નુ અવશાન થયાની મને માહિતી ન હતી જેથી હુ તેમના બેસણા મા ગયેલ નથી. એ વાત ખરી છે કે, ૨૦૧૨ પછી હુ મારા સાસુ સસરાને મળેલ નથી. અરજદાર જણાવે છે કે તેઓ મને ઘર મા ઘુસવા દેતા ન હતા જેથી મળેલ નથી. **હાલ પેન્શન તથા પગાર પેટે હુ માસીક રૂપીયા પંચાવન હજાર ની આવક મેળવુ છુ.**

**(૨૦)** સામાવાળા દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદારે જણાવેલ હકીકતો ધ્યાને રાખતાં એવી હકીકત પુરવાર થાય છે કે, અરજદારના પતિનુ સને ૨૦૦૯ માં અવસાન થયા બાદ સામાવાળા નં. ૧ વાળાએ અરજદાર અને તેમના સંતાનો ના ભરણપોષણ, રહેઠાણ અને અન્ય મિલકતોની કાયમી વ્યવસ્થા કરી આપેલ છે તેમજ તે અંગેનુ આંક–૨૬ વાળુ લખાણ અરજદાર અને સામાવાળા નં. ૧ વચ્ચે થયેલ છે તેમજ આંક – ૨૬ ના લખાણ ના સાક્ષી તરીકે અરજદારના માતા–પિતા તથા બનેવી નાઓએ સહી કરેલ છે.

**(૨૦.૧)** સદરહુ આંક – ૨૬ વાળા લખાણમાં જણાવ્યા મુજબની તમામ વસ્તુઓ અરજદારને મળી ગયેલ હોવા બાબતે ઉલટ તપાસ દરમ્યાન

પ્રશ્ન પુછતાં અરજદારે જણાવેલ છે કે, તે પૈકીની અમુક ચીજવસ્તુઓ તેઓને મળેલ નથી. સૌપ્રથમ તો, સને ૨૦૧૨ માં સામાવાળા નં. ૧ વાળાએ અરજદારને લખાણ કરી, કોઈ ચીજ વસ્તુઓ સોંપી આપેલ હોય તેવી કોઈ હકીકત અરજદારે તેમની અરજીમાં જણાવેલ નથી. એટલે કે, અરજદારે પોતાની અરજીમાં મજકુર હકીકત છુપાવેલ છે. બીજુ કે, આંક – ૨૬ વાળુ લખાણ અરજદાર અને તેમના માતા – પિતા, બનેવી ની હાજરીમાં થયેલ હોય તેમજ અરજદારની દરેક પાના ઉપર સહી હોય તેમજ સાક્ષી તરીકે અરજદારના માતા – પિતા અને બનેવીએ સહી કરેલ હોય તેવા સંજોગોમાં લખાણમાં જણાવ્યા મુજબની તમામ ચીજ વસ્તુઓ સામાવાળાએ અરજદારને આપી દીધેલ હોવાનુ માનવાને કારણ રહે છે. જેથી, ઉલટ તપાસ દરમ્યાન અરજદારે જણાવેલ હકીકત કે, તેમને તમામ ચીજ વસ્તુઓ મળેલ નથી તે માનવાલાયક જણાતુ નથી.

**(૨૧)** હવે, આંક – ૨૬ થી રજુ લખાણની હકીકતો ધ્યાને લઈએ તો, તેના પેરા નં. ૩ અને ૨૪ માં, અરજદારને સામાવાળા તરફ થી કાયમી હક્ક હિસ્સો આપી કાયમી છુટા કરી તે રીતે કાયમી વ્યવસ્થા માટે લખાણ કરેલ હોવાનુ તેમજ હવે અરજદાર નાઓને સામાવાળા પાસેથી કશુ લેવાનુ બાકી રહેતુ નથી તેવુ લખાણ કરવામાં આવેલ છે. સામાવાળાએ તેમના આંક – ૩૭ ના સોગંદપુર્વકના પુરાવામાં, આંક – ૨૬ વાળા લખાણને આધારિત પુરાવો આપેલ છે કે, તેઓએ અરજદાર અને તેમના સંતાનોના ભરણ પોષણ, રહેઠાણ અને અન્ય મિલકતોની કાયમી વ્યવસ્થા કરી આપેલ છે. અરજદાર દ્વારા સામાવાળાની ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ મજકુર આંક – ૨૬ વાળા લખાણનુ ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૨૨)** અરજદાર ના વિ. વ. શ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદારના સાસુ ની કોઈ આવક ન હતી, જેથી સદર મિલકત તેમની સ્વપાર્જિત મિલકત ગણાય નહી અને અરજદારનો સદર મિલકતમાં વારસાઈ હક્ક સમાયેલો હોઈ, અરજદારનાઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે. અગાઉ ચર્ચા કર્યા

મુજબ, અરજદારના પતિનુ સને ૨૦૦૯ માં અવસાન થયા બાદ, સને ૨૦૧૨ માં, અરજદારે તેમના માતા–પિતા અને બનેવીના હાજરીમાં સામાવાળા નં. ૧ સાથે લખાણ કરી, ભરણ પોષણ, રહેઠાણ અને મિલકતોની કાયમી વ્યવસ્થા કરી લીધેલ છે. જેથી, મજકુર આંક – ૨૬ વાળુ લખાણ થયા બાદ તેમજ આંક – ૨૬ વાળા લખાણ મુજબની મિલકતો અરજદારે મેળવી લીધા બાદ અરજદારનાઓ સામાવાળાની અન્ય મિલકત માંથી હક્ક, હિસ્સો મેળવવાની દાદ મેળવી શકે તેમ નથી.

**(૨૩)** અરજદાર તરફે નામ. સુપ્રિમ કોર્ટ નુ Satish Chander Ahuja Vs. Sneha Ahuja ના ચુકાદા ઉપર આધાર રાખી રજુઆત કરેલ છે કે, અરજદારના પતિનુ મિલકતમાં હિસ્સો ન હોવા છતાં તેમજ મિલકત સંયુક્ત પરિવારની મિલકત ન હોવા છતાં અરજદાર સંયુક્ત રહેઠાણ વાળી મિલકતમાં પોતાનુ રહેઠાણ મેળવવાની દાદ માંગી શકે છે. અરજદારે મિલકત નં. એસ.ડી.બી.–૧૦૮, વોર્ડ નં. ૨–એ, આદિપુર, કચ્છ વાળા મકાનમાં સામાવાળાઓ અરજદારને પ્રવેશ કરતાં અટકાવે નહી તેમજ સામાવાળા સદર મિલકત તબદીલ કરે નહી તે મતલબની દાદ માંગેલ છે. અત્રે એ ફરી નોંધનીય છે કે, સદર મિલકતમાં અરજદારનાઓ સામાવાળા સાથે સંયુક્ત રીતે રહ્યા હોય અને હવે સામાવાળા અરજદારને સદર મિલકત માં પ્રવેશ કરતાં અટકાવતા હોય તેવી કોઈ હકીકત અરજદારે તેમના પુરાવામાં જણાવેલ નથી. આમ, અરજદારનાઓ સદર મિલકત માં સામાવાળા સાથે સહવાસ કરેલ જ ન હોઈ તેમજ આંક – ૨૬ થી રજુ લખાણ મુજબ સામાવાળા નં. ૧ વાળાએ અરજદારના ભરણ પોષણ, રહેઠાણ અને અન્ય મિલકતોની કાયમી વ્યવસ્થા કરી આપેલ હોઈ હાથ ઉપર ના કેસની હકીકત જુદી હોઈ અરજદાર તરફે રજુ કરવામાં આવેલ ઉપરોક્ત ચુકાદો તેઓને મદદરૂપ થતુ નથી.

**(૨૪)** આમ, ઉપરોક્ત કરેલ સમગ્ર ચર્ચા મુજબ આ કામના સામાવાળાએ અરજદાર સાથે સદર કાયદાની કલમ – ૩ માં જણાવ્યા મુજબનો કોઈ ઘરેલુ હિંસાનો કૃત્ય આચરેલ હોઈ તેમ પુરવાર થતુ નથી અને તેવી રીતે આ કામના અરજદારનાઓનો પીડીત / વ્યથિત વ્યક્તિમાં

સમાવેશ થતુ નથી. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકાર માં ઠરાવવામાં આવે છે. અરજદારનાઓ ઘરેલુ હિંસનો ભોગ બનેલ હોવાનુ અને અરજદાર પીડીત/વ્યથિત વ્યક્તિ હોવાનુ પુરવાર થયેલ ન હોઈ અરજદારનાઓ સદર કાયદા હેઠળ કોઈ પણ દાદ મેળવવા હક્કદાર બનતા નથી તેમ આ અદાલતનુ માનવુ છે. જેથી મુદ્દા નં. ૨ નો જવાબ નકાર માં ઠરાવી, મુદ્દા નં. ૩ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદારની હાલની અરજી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) રજદારને તથા સામાવાળાને સદર હુકમની એક - એક નકલ વિના મુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ-૨૩, માહે-જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ-૨૩/૦૭/૨૦૨૬
સ્થળઃ-અંજાર-કચ્છ.

**(એ.એ.ખેરાદાવાલા)**
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અંજાર-કચ્છ.
જજ કોડ: જી.જે.૦૧૨૮૨

//એચ.એન.ભાવસાર//